નવી સેવા વર્ષ ૨૦૧૮-૧૯

રાજયના સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત આંગણવાડી કેન્દ્ર ખાતે રૂફ ટોપ વોટર હાર્વેસ્ટીંગ સિસ્ટમની સવલત આપવા માટે વહીવટી મંજુરી

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૧૮/૮૫/બ

સચિવાલય, ગાંધીનગર

તા. ૨૯-૦૫-૨૦૧૮

સંદર્ભ:-

(૧) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા. ૭/૨/૨૦૧૮નો પત્ર ક્રમાંક: એન-૩/બાંધકામ/આઇસીડીએસ/નવી બાબત/૨૦૧૮-૧૯/રૂફ ટોપ વોટર હાર્વેસ્ટીંગ/ ૨૦૧૮

ઠરાવ:-

સંદર્ભ (૧) અન્વયે રાજયના સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત આંગણવાડી કેન્દ્ર ખાતે રૂફ ટોપ વોટર હાર્વેસ્ટીંગ સિસ્ટમની સવલત આપવા માટે સને ૨૦૧૮-૧૯ના વર્ષ માટે રૂ.૧૦૦૦.૦૦ લાખ ની બજેટ જોગવાઇ માટે વર્ષ ૨૦૧૮-૧૯ નવી બાબત તરીકે દરખાસ્ત રજુ કરેલ હતી.

આઇસીડીએસ યોજના અન્વયે આંગણવાડીમાં રૂફ ટોપ વોટર હર્વેસ્ટીંગ સિસ્ટમ ઉભી કરવામાં આવે તો અછતનાં સમયે પીવાના પાણીની તકલીફ નિવારી શકાય તેમ છે. આ સિસ્ટમથી અંદાજીત ૫૦૦ લીટરની પાણીની ટાંકીમાં પાણીનો સંગ્રહ કરી શકાય તથા આંગણવાડી કેંદ્રમાં ફ્લોરાઇડ વગરનું પાણી મળી શકે તથા આ પાણીનો ઉપયોગ કીચન, ગાર્ડનમાં પણ કરી શકાય. રાજયના સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત આંગણવાડી કેન્દ્ર ખાતે રૂફ ટોપ વોટર હાર્વેસ્ટીંગ સિસ્ટમની સવલત આપવા માટે એક આંગણવાડી કેન્દ્ર દીઠ રૂ.૩.૦૦ લાખ મુજબ સને ૨૦૧૮-૧૯ના વર્ષ માટે રૂ.૧૦,૦૦,૦૦૦/- (રૂપિયા દસ લાખ પૂરા) ની બજેટ જોગવાઈમાંથી નીચેની શરતોને આધિન ખર્ચ કરવાની આથી વહીવટી મંજૂરી આપવાનું ઠરાવવામાં આવે છે.

શરતો:

(૧) અ અંગેનો ખર્ચ તા.૧/૪/૨૦૧૮ થી અમલ કરવાનો રહેશે.

(૨) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૩) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૪) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો - વખત લાગુ પડતા ઠરાવો/ પરીપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૫) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૬) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૭) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) બાંધકામના કામોની દરખાસ્તોની મંજુરી માટે વિભાગે તાત્કાલિક પ્રવર્તમાન એસ.ઓ.આર મુજબ નકશા-અંદાજો તૈયાર કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે.

(૯) બાંધકામના કામોમાં પી.ડબ્લ્યુ.ડી. મેન્યુલની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

(૧૦) સૂચિત કામો પૈકી જે કામો મનરેગા હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોના ખર્ચ મનરેગા યોજના હેઠળ ઉધારવામાં આવે તે અંગેની તકેદારી રાખવાની રહેશે.

(૧૧) આ કામ માટે જમીન સંપાદન કરવાની જરૂરીયાત હોય તેવા સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી વિભાગ કક્ષાએ સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે અને જમીન સંપાદન અંગેની કામગીરી પૂર્ણ કર્યા બાદ જ વર્ક ઓર્ડર આપવાના રહેશે.

(૧૨) રેલ્વે, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની મંજૂરી કે જમીન સંપાદનની આવશ્યકતા જણાતી હોય તો આવી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે. આવા જરૂરી કલીયરન્સ મેળવવામાં જો વિલંબ થવાનું જણાય તો વર્કઓર્ડર આપતાં પહેલાં જરૂરી ચોકસાઈ કરી લેવાની રહેશે.

(૧૩) આ કામની ડિઝાઈન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૪) મંજૂર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.

(૧૫) બાંધકામ અંગેની કામગીરી સંદર્ભે સરકારશ્રીની મંજૂરીથી જો કોઈ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોંપવામાં આવી હોય તે સિવાયના બાંધકામના તમામ

કિસ્સાઓમાં રાજય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરાવવાની રહેશે.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરેથી કરવાનો રહેશે.

| | | |
|---|---|---|
| માંગણી નંબર | : | ૧૦૬ |
| સદર | : | ૪૨૩૬ પોષણ અંગે મુડી ખર્ચ જોગવાઇ |
| પેટા મુખ્ય સદર | : | ૦૨ (પોષણ યુક્ત આહાર અને પીણાંનું વિતરણ) |
| ગૌણ સદર | : | ૮૦૦ અન્ય ખર્ચ |
| પેટા સદર | : | ૦૧ - એનટીઆર-૫,નમુનારૂપ આંગણવાડીનું બાંધકામ |

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૨૦-૫-૨૦૧૮ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રાહુલ છત્રપતિ)
નાયબ સચિવ
મહિલા અને બાળવિકાસ વિભાગ

પ્રતિ

1. માન. મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર
2. માન. રા.ક.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર
3. અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
4. સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
5. કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
6. નિયામકશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
7. નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ, સચિવાલય, ગાંધીનગર
8. એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ
9. પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
10. વિભાગના સર્વે શાખાઓ
11. સિલેક્ટ ફાઇલ